ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ આપવાની યોજના બંધ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/3124/CHH-1 ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૪/૦૨/૨૦૨૩

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૧/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૫/૮૩૪૦૫/ન.બા.૧૯/છ-૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૪/૦૯/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૫/૮૩૪૦૫/ન.બા.૧૯/છ-૧.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૧/૦૯/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૫/૮૩૪૦૫/ન.બા.૧૯/છ-૧.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૨/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૫/૮૩૪૦૫/ન.બા.૧૯(૧)/છ-૧.

(૫) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૨/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૫/૮૩૪૦૫/ન.બા.૧૯(૨)/છ-૧.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૯/૧૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: સસુખા/બલભ/TG/શિષ્યવૃતિ યોજના/૨૦૨૨-૨૩/૧૧૭૪

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા તા.૧૨/૦૨/૨૦૨૨થી અમલી કરેલ **Support for Marginalized Individuals for Livelihood and Enterprise (SMILE) યોજનાની ગાઇડલાઇન**

<u>આમુખ</u> :-

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા.૦૧/૦૪/૨૦૧૫ના ઠરાવથી જાતિ પરિવર્તન પામેલા (ટ્રાન્સજેન્ડર) વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના (૭૫:૨૫ ટકા મુજબ) અમલી કરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમ (૨) પરના તા.૧૪/૦૯/૨૦૧૫ના ઠરાવથી ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક (ધોરણ-૭ થી ધોરણ ૧૦ સુધીને) શિષ્યવૃતિ આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજનાની તથા ક્રમ (૩) પરના તા.૨૧/૦૯/૨૦૧૫ના ઠરાવથી ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને પોસ્ટ-મેટ્રીક (ધોરણ-૧૧ અને તેની ઉપરને) શિષ્યવૃતિ આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજનાની વિગતવાર જોગવાઇ, લાભાર્થીની પાત્રતાના માપદંડ, લાભાર્થીએ રજૂ કરવાના પ્રમાણપત્રો અને અરજી ફોર્મ નિયત કરવામાં આવેલ. સદર યોજનાના અમલીકરણમાં આવતી

વહીવટી મુશ્કેલી દૂર કરવા વંચાણે લીધેલ ક્રમ(૪) અને ક્રમ(૫) પરના તા.૦૨/૦૯/૨૦૨૧ના ઠરાવોથી યોજનાના નામમાં તથા અન્ય જરૂરી સુધારા કરવામાં આવેલ.

જાતિ પરિવર્તન પામેલા (ટ્રાન્સજેન્ડર) વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિ આપવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના વર્ષ ૨૦૧૫-૧૬થી શરૂ કરવામાં આવેલ પરંતુ કેન્દ્ર સરકાર તરફથી સદર યોજના અંતર્ગત કોઇ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ નથી તેમજ આ યોજનાની જોગવાઇ મુજબ રાજ્યના એક પણ જિલ્લામા શિષ્યવૃતિ અંગેની અરજી મંજુર કરી ગ્રાન્ટ માંગણી કરવામાં આવેલ નથી. વંચાણે લીધેલ ક્રમ(૭) પરની સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારની Support for Marginalized Individuals for Livelihood and Enterprise (SMILE) યોજના અંતર્ગત સમગ્ર દેશમાં ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિની પેટા યોજના અમલી કરવામાં આવેલ છે આથી, ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ આપવાની યોજના બંધ કરવાની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગર દ્વારા ક્રમાંક (૬) પરના તા.૦૯/૧૨/૨૦૨૨ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગર દ્વારા ક્રમાંક (૬) પરના તા.૦૯/૧૨/૨૦૨૨ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ આપવાની યોજના બંધ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૪/૦૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- **નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**
- **નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.**
- **એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.**
- **સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬,** ડૉ. **જીવરાજ** મહેતા ભવન, ગાંધીનગર)
- **સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,** ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, **ઠરાવને** વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીની સિલેકટ ફાઇલ.
- **શાખા સિલેકટ ફાઇલ.**